ઘરફોડીયા મામા-ભાણેજ
ચોરીના માલ સાથે પકડાયા



## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... મહિલાઓ શનીદેવનાં મંદિરમાં ગઇ એનો વાંધો નથી, પરંતુ જોજો શનીદેવને કાળા કલરમાંથી બ્યુટી ટ્રીટમેન્ટ કરાવી વ્હાઇટ કરવા માટે માંગણી કરશે...!

# એસ.ટી.ડેપોમાં પ્રવેશદ્વાર પાસે જ પોલીસ ચોકી કાર્યરત થશે

## ટુંકમાં જ જગ્યા ફાળવવામાં આવશે : ડેપો સંકુલમાં મુસાફરોની સલામતી માટે પોલીસ ચોકી શરૂ કરવાનો મામલો લાંબા સમયથી ગુંચવાયેલો છે

ગાંધીનગર તા ૩૧

ગાંધીનગર એસ ટી ડેપોમાં પોલીસ ચોકી બનાવવા માટે ટુંકમાં જ નિર્ણય લેવાશે. આ માટે ડેપોના મેઈન ગેટ પાસે જ જગ્યા ફાળવવામાં આવશે. એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે લાંબા સમયના અંતે આયોજન કરવામાં આવ્યુ છે. એસ ટી ડેપોમાં ખિસ્સા કાતરુઓનુ જોર વધતા મુસાફરોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. ત્યારે ત્વરિત પોલીસ ચોકી શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત નગરના એસ ટી ડેપોમાં રોજબરોજ મોટી સંખ્યામાં મુસાફરોની અવરજવર રહે છે. જયારે એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે ખિસ્સા કાતરુઓને મોકળુ મેદાન મળ્યુ હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. ડેપો સંકુલમાં વારંવાર મુસાફરો ચેઈન સ્નેચીંગ તેમજ ખિસ્સા કાતરુઓનો ભોગ બનતા હોવાની ફરિયાદ ઉઠવા પામે છે. અત્યારસુધીમાં અનેકવાર ડેપો સંકુલમાંથી ખિસ્સા કાતરૂઓ પકડાયા હોવાની ઘટના પણ પ્રકાશમાં આવી છે. જેના પરિણામે એસ ટી ડેપોની સલામતી વ્યવસ્થા પર સવાલો મંડરાયા છે.ડેપોમાં મુસાફરાની સલામતી સામે સવાલો ઉઠતા ભયની લાગણી વ્યાપી છે. જયારે ડેપો સંકુલમાં પોલીસ ચોકી બનાવા માટે પણ એસ ટી નિગમ દ્વારા કોઈ નિર્ણય ન લેવાતા લાંબા સમયથી ડેપો સંકુલ સલામતીની દ્રષ્ટીએ રામભરોસે હોય તેવી સ્થિતિ સર્જાઇ છે. એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવા માટે અગાઉ આઇ જી કક્ષાએથી પણ સુચના આપવામાં આવી હતી. પરંતુ જગ્યા નક્કી ન થતા આ મામલો અટવાયો હતો. જો કે હવે આ મામલે ટુંક સમયમાં એસ ટી તંત્ર દ્વારા જગ્યા ફાળવવામાં આવશે તેમ પણ ડેપો મેનેજરે જણાંવ્યુ છે. એસ ટી ડેપો સંકુલમાં પ્રવેશવાના ગેટ પાસે જ પાલીસ પહેરો ગોઠવાશે તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ.



તમાકુ નિષેધ દિવસ - શહેર વસાહત મહામંડળ દ્વારા એસ.ટી. ડેપો ખાતે તમાકુ નિષેધ દિવસની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે કર્મચારીઓને બીડી-તમાકુ-સિગરેટ છોડવા અનુરોધ કરાયો હતો. (તસવીર : દિપક જાની)

# ઘરફોડીયા મામા-ભાણેજ ચોરીના માલ સાથે પકડાયા



## પાંચેક દિવસ પહેલા દહેગામ-નરોડા હાઈવે પર એક સોસાયટીમાં હાથફેરો કર્યો હતો

ગાંધીનગર એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે રણાસણ સર્કલથી ડભોડા તરફ જતા માર્ગ પર બે શખ્સો મોબાઈલ તથા ઘડીયાળ વેચવા ફરે છે તેને આધારે બાયડના પ્રકાશ બાબુ સલાટ અને કુબેરનગરના મુકેશ ચીમન મારવાડી બંનેને પકડી માલ અંગે ઊંડાણપૂર્વક પુછપરછ કરી હતી. તેમાં બહાર આવ્યું હતું કે પાંચેક દિવસ પહેલા તે બંનેએ દહેગામ-નરોડા હાઈવે પર એક સોસાયટીના મકાનમાં રાત્રીના સમયે ઘરફોડ કરી હતી. તેમાંથી મળેલો આ સામાન વેચવા મામા-ભાણેજ ફરી રહ્યા હતા. બંનેની એલસીબીની ટીમે ૩ મોબાઈલ, બ્રેસ્લેટ સહીતના ચોરીના રૂ. ૧૧,૧૫૦ની કિંમતના સામાન સાથે ધરપકડ કરી પુછપરછ શરૂ કરી છે.

## ૫૦ લાખની છેતરપીંડી કરનાર વોન્ટેડ આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર એલસીબીની એબસ્કૉન્ડર સ્કવોર્ડે એક વર્ષથી થરાદ પોલીસ સ્ટેશનના છેતરપીંડીના ગુનામાં વોન્ટેડ આરોપી નટવર ઉર્ફે ઝુંઝારસિંહ બારૈયાની ધરપકડ કરી લીધી છે.



નટવર બારૈયાએ તોલમાપ ખાતાના અધિકારી તરીકે પોતાની ઓળખ થરાદ વિસ્તારમાં આપીને માર્કેટમાંથી ચીજ વસ્તુઓની ખરીદી કરી લીધી હતી તે ઉપરાંત નોકરી અપાવવાની લાલચ આપીને પણ ચીટીંગ કરી હતી.

અંદાજે ૫૦ લાખની મત્તાની છેતરપીંડી તેણે કરી હતી તેની સામે વર્ષ ૨૦૧૫માં થરાદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. ગાંધીનગર એલસીબીએ તેની ધરપકડ કરી થરાદ પોલીસને સોંપવા તજવીજ કરી છે.

# જુની અદાવતમાં પેથાપુરના તરપોજ વિસ્તારમાં યુવાન પર જીવલેણ હુમલો

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર નજીક પેથાપુર ગામના તરપોજ વિસ્તારમાં ગઈ રાત્રે જુની અદાવતમાં એક યુવાન પર છરી વડે જીવલેણ હુમલો થવા પામ્યો હતો. એક શખ્સે છરી પેટમાં મારી અને બીજાએ પીઠ ઉપર પાઈપો ફટકારી હતી. બંને શખ્સો પડોશમાં રહેતા હતા. ઘાયલ યુવાનને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. પેથાપુર પોલીસે આઈપીસી કલમ ૩૦૭ હેઠળ બંને સામે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ગઈ મોડી સાંજે પેથાપુરના તરપોજ વિસ્તારમાં રહેતા બળવંતજી બેચરજી ઠાકોરને તેમની પડોશમાં જ રહેતા બે યુવાનો હિંમત બાબરજી ઠાકોર અને સરફરાઝ મહમ્મદ હનીફ શેખ બંનેએ મળીને જીવલેણ હુમલો કર્યો હતો. અગાઉ થયેલા ઝગડાની અદાવત રાખીને હિંમત ઠાકોરે છરીથી પેટના ભાગે જાન લેવા હુમલો કર્યો હતો જયારે સરફરાઝે પાઈપ વડે પીઠના ભાગે વાર કર્યો હતો. આ બંનેના હુમલાનો ભોગ બનેલા બળવંતજીને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બેભાન હોવાથી બળવંતજીના ભાઈ ભીખાજીએ બંને હુમલાખોરો સામે ફરિયાદ આપતા પીએસઆઈ ડી.બી. વાળાએ ગુનો દાખલ કરી ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર સે. ૩૦ના પશુ દવાખાનાના ડૉક્ટર પ્રશાંતને સારવાર માટે આવેલુ કુતરૂ કરડતાં તેમના બન્ને હાથ ઈજાગ્રસ્ત થયા છે.
- આજે રાજ્યના નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીઓની સમીક્ષા બેઠક ગાંધીનગર ખાતે યોજવામાં આવી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે પાંચ કર્મચારીઓ નિવૃત્ત થયા છે. છેલ્લા પાંચ માસમાં નિવૃત્ત થનાર કર્મચારીઓની સંખ્યા ૬૭ થઈ છે.
- ગાંધીનગર શહેરમાં ગરમી અને ઉકળાટને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની જવા પામ્યુ છે.
- શાળાઓ શરૂ થઈ રહી હોવાથી સ્કૂલ ડ્રેસ, સ્કૂલ બેગ અને નોટબુકોની ખરીદીમાં ભારે ભીડ જોવા મળી રહી છે.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેસાઈ દસ દિવસની રજા પર ગયા છે.
- માનવ અધિકાર આયોગના અધિક પોલીસ મહાનિર્દેશક ડૉ. મીરા રામનિવાસના કાવ્યસંગ્રહનું આજે વિમોચન કરાયું છે.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક ગુરુવારે

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક આગામી તા. ૨ જુન ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ, સેક્ટર-૨૨ ખાતે સાંજે ૪ કલાકે યોજાશે. સંસ્થાની કાર્યવાહક સમિતિના સભ્યો તથા પદાધિકારીઓએ અચુક હાજર રહેવા જણાવ્યું છે.

